# નીતી ઘડતર અથવા નીતીના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોયતો તેની વિગતો

<u>નીતી ઘડતર :–</u>

૫.૧ શું નીતીઓના ઘડતર માટે જનતાની અથવા તેના પ્રતિનિધીઓની સલાહ–પરામર્શ / સહભાગીતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ? જો હોય તો

(૧) મધ્યાહન ભોજન યોજના ના અમલીકરણ માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં શાળાના આચાર્યશ્રી, બાળકોના વાલી, તથા ગામના સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યનો સમાવેશ થાય છે.

(૨) તાલુકા કક્ષાએ મધ્યાહન ભોજન યોજના ના અમલીકરણ માટે મામલતદારશ્રીના અધ્યક્ષપદે તાલુકા વિકાસ અધિકારીશ્રી, તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીના સભ્યોની બનેલી સમિતિની રચના કરવામાં આવે છે.

(૩)જિલ્લા કક્ષાએ મધ્યાહન ભોજન યોજના માટે જિલ્લા અમલીકરણ સમિતિની રચના કરવામાં આવેછે.આ સમીતીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નાયબ કલેકટરશ્રી મધ્યાહન ભોજન યોજના, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વિભાગીય નિયામકશ્રી એસ.ટી., પ્રમુખશ્રી જિલ્લા પંચાયત, અધ્યક્ષશ્રી સામાજીક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત અને સંસદસભ્યશ્રી તથા ધારાસભ્યશ્રી જેવા પદાધિકારીઓ વિગેરે નો સમાવેશ કરવામાં આવેલ છે.

આ ત્રિસ્તરીય સમિતિઓ મધ્યાહનભોજન યોજના ના અમલીકરણ માટે અમલીકરણ અધિકારશ્રીઓને યોજનાના અમલ અંગે સુચનો કરે છે.

<u>નીતીનો અમલ :–</u>

૫.૨ શું નીતીઓના અમલ માટે જનતાની અથવા તેમના પ્રતિનિધીઓની સલાહ–પરામર્શ / સહભાગીતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ? જો હોય તો વિગતો આપો.

:: હા ઉકત ત્રિસ્તરીય સમિતિઓમાં જનતાના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. ::